BRASS CITY
JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
ESTD : 1948

# JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION

75 YEARS PLATINUM JUBILEE

Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri, Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 +91 94264 92698
jfoaj@yahoo.com, jfoajam@gmail.com
www.jamnagarfactoryassociation.com
Scan Me For Android Mobile Application
jfoa_jamnagar

૨૩/૦૭૨/૧૩૦૭૨૦૨૬ **પ્રે સ નો ટ**

## જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા જામનગર મહાનગરપાલિકાના નવ નિયુક્ત પદાધીકારીઓનું અભિવાદન કરાયું : ઉદ્યોગનગરની સુવિધાઓના વિકાસ માટે મહાનગરપાલિકાએ આપ્યો પુર્ણ સહયોગનો વિશ્વાસ

જામનગરના ઔદ્યોગિક વિકાસમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને ઉદ્યોગજગત વચ્ચે સુમેળભર્યા સહકારને વધુ મજબુત બનાવવાના હેતુથી જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા ગત તા.:–૧૧/૭/૨૦૨૬ ને શનિવારના રોજ એસોસીએશનના કમિટિ હોલ ખાતે જામનગર મહાનગરપાલિકામાં નવ નિયુક્ત પદાધીકારીશ્રીઓના અભિવાદન સમારંભનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના પ્રથમ નાગરીક મેયર શ્રીમતી મોનિકાબેન વ્યાસ, ડે. મેયરશ્રી રાકેશભાઈ ડેર, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ધિરેનભાઈ મોનાણી, શાસક પક્ષના નેતા અમરભાઈ મોદી તથા શાસક પક્ષના દંડક શ્રીમતી પ્રવિણાબેન રૂપડીયાનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં એસોસીએશનના હોદેદારો/કારોબારી સમિતિના સભ્યો, ખાસ આમંત્રીત સભ્યો તેમજ એસોસીએશન સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાના હોદેદારો અને પ્રતિનિધિઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં.

કાર્યક્રમની શરૂઆત એસોસીએશનના પ્રમુખશ્રી રામજીભાઈ ગઢીયાના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી તેમણે ઉદ્યૌગનગર વિસ્તારના પ્રાથમિક સુવિધાને લગતા વિવિધ પ્રશ્નો મહાનગરપાલિકાના પદાધિકારીઓ સમક્ષ રજુ કરતાં જણાવ્યું હતું કે શંકરટેકરી, ઉધૌગનગરમાં મુખ્ય માર્ગોનુ તાત્કાલીક સમારકામ, એલઈડી સ્ટ્રીટ લાઈટો બંધ છે તેનું નિયમીત મરામત કાર્ય તથા જે વિસ્તારમાં લાઈટની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં નવી એલઈડી લાઈટો નાખવામાં આવે ઉપરાંત રોડ તથા ગટર સફાઈ કામગીરીને વધું ઝડપી અને અસરકારક બનાવવા માટે પણ રજુઆત કરી હતી. ત્યારબાદ એસોસીએશનના હોદેદારો તથા અન્ય સંલગ્ન સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

અભિવાદન સમારંભમાં ઉપસ્થિત જામનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓએ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા યોજેલ અભિવાદન સમારંભ બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. તેમણે પોતાના પ્રતિભાવમાં ઉધૌગનગર વિસ્તારના પ્રાથમિક સુવિધાઓ તેમજ એસોસીએશન દ્વારા રજુ કરવામાં આવેલ વિવિધ પ્રશ્નોના હકારાત્મક અને સમયબધ્ધ નિરાકરણ માટે જામનગર મહાનગરપાલિકા તરફથી જરૂરી કાર્યવાહી કરાશે તેમ જણાવી ઉદ્યોગજગત સાથે સંવાદ જાળવી રાખી વિકાસલક્ષી કામગીરીમાં પુર્ણ સહયોગની ખાતરી આપી હતી

કાર્યક્રમનું સંચાલન માનદમંત્રીશ્રી મેહુલભાઈ જોબનપુત્રાએ કરેલ, મહાનુભાવોનો પરિચય સહમંત્રીશ્રી બિપીનભાઈ સોરઠીયાએ કરાવેલ હતો, જયારે આભાર વિધિ ઉપપ્રમુખશ્રી ધરમભાઈ જોશીએ કરેલ હતી. સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનનું સંકલન કરવા માટે ખજાનચીશ્રી હર્ષદભાઈ પણસારા, ઓડીટરશ્રી અશોકભાઈ સોલંકી તથા એડીટરશ્રી રાજુભાઈ ગાગીયાએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

મેહુલ ડી. જોબનપુત્રા
માનદમંત્રી